# ભારતીય જનતા પક્ષ

(કેન્દ્રીય કાર્યાલય)

11, અશોક રોડ, નવી દિલ્હી -011

ફોન - 011 - 23005700, ફેક્સ - 011 - 23005787

**નવી દિલ્હી 15 જાન્યુઆરી, 2014** - ભાજપની રાષ્ટ્રીય કારોબારી અને કાઉન્સિલની ત્રણ દિવસની બેઠક 17 જાન્યુઆરી,  2014થી શરૂ થશે, જેમાં મિશન સુશાસનની પ્રતિબદ્ધતા અને લક્ષ્ય બાબતે વિચારવિમર્શ કરવામાં આવશે.

ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રી મુખ્તાર અબ્બાસ નકવીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કારોબારી રામલીલા મેદાન પર 17 જાન્યુઆરીએ યોજાશે,  જ્યારે નેશનલ કાઉન્સિલ એનએમડીસી કન્વેન્શન સેન્ટરમાં 18 મી અને 19 મી જાન્યુઆરીએ યોજાશે. રાષ્ટ્રીય કારોબારી એનએમડીસી કન્વેન્શન સેન્ટર ખાતે સવારે 11 વાગ્યે શરૂ થશે, જ્યારે નેશનલ કાઉન્સિલની બેઠક સવારે 10 વાગ્યે શરૂ થશે અને 19 મી જાન્યુઆરી સાંજે પૂર્ણાહુતિ કરવામાં આવશે.

શ્રી નકવીએ વધુમાં જણાવ્યું કે રાષ્ટ્રીય હોદ્દેદારો અને રાષ્ટ્રીય કારોબારી તેમજ કાઉન્સિલના સભ્યો નેશનલ કાઉન્સિલની બેઠકમાં ભાગ લેશે. રાષ્ટ્રીય સંયોજક અને વિવિધ કોષોના સહ સંયોજકો, સાંસદો, ધારાસભ્યો, રાજ્યોના વડા અને રાજ્ય મોરચાના મહામંત્રીઓ, રાજ્ય

કોષોના કન્વીનરો, બધા જિલ્લા પ્રમુખો અને મહામંત્રીઓ, મેયરો, પ્રમુખો અને લોકસભા મતવિસ્તારોના સંયોજકો અને ઉપપ્રમુખો પણ આ બેઠકમાં ભાગ લેશે.

શ્રી નકવીએ જણાવ્યું હતું કે ત્રણ દિવસ સુધી રાષ્ટ્રીય કારોબારી અને કાઉન્સિલની બેઠકમાં સામાજિક, રાજકીય, આર્થિક, રાષ્ટ્રીય સુરક્ષા અને આંતરિક સુરક્ષા સંબંધિત મુદ્દાઓની ચર્ચા કરાશે. લોકસભાની આગામી ચૂંટણીમાં શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મિશન સુશાસનની સફળતા પર વિગતવાર ચર્ચા કરવામાં આવશે. બેઠકનો પ્રારંભ પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી રાજનાથ સિંહના ભાષણ સાથે શરૂ ભાવ આવશે.

શ્રી નકવીએ કહ્યું હતું કે પક્ષના વરિષ્ઠ નેતાઓ – શ્રી લાલ કૃષ્ણ અડવાણી ઉપરાંત લોકસભાના વિરોધ પક્ષના નેતા શ્રીમતી  સુષ્મા સ્વરાજ, રાજ્યસભાના વિરોધ પક્ષના નેતા શ્રી અરૂણ જેટલી, શ્રી મુરલી મનોહર જોશી, શ્રી એમ વેંકૈયા નાયડુ, શ્રી નીતિન ગડકરી અને ભાજપશાસિત રાજ્યોના મુખ્ય પ્રધાનો – શ્રી શિવરાજ સિંહ ચૌહાણ , શ્રીમતી વસુંધરા રાજે સિંધીયા, ડૉ. રમણ સિંહ, શ્રી મનોહર પર્રીકર પણ બેઠકમાં ઉપસ્થિત રહેશે.

વિધાનસભા ચૂંટણીઓમાં ઝળહળતા વિજયથી ભાજપે જનતાનો વિશ્વાસ મેળવી લીધો છે. તે વિશ્વાસ અને પ્રતિબદ્ધતા સાથે "મિશન સુશાસન"ને ટેકો મળે તેના માટેનો વ્યૂહ બેઠકમાં ઘડવામાં આવશે. અત્યારે કોંગ્રેસના કથળેલા શાસન અને ભ્રષ્ટાચાર સામે દેશમાં ક્રાંતિ માટે અવાજ ઊઠી રહ્યો છે. "સંગઠિત ભારત ચમકદાર ભારત"ના સૂત્રને સાકાર કરવા અને શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી ભાજપ સરકાર રચવાના લક્ષ્યને હાંસલ કરવાનો નિર્ધાર બેઠકમાં વ્યક્ત કરવામાં આવશે.

શ્રી નકવીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં હજારો પ્રતિનિધિઓ ભાગ લેશે, જેમાં આંધ્ર પ્રદેશના 600 , આંદામાન – નિકોબારના 50, અરુણાચલ પ્રદેશના 95, આસામના 250, બિહારના 500, છત્તીસગઢના 300, દાદરા અને નગર હવેલીના 40, દીવના 35 પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. તે ઉપરાંત દિલ્હીના 260, ગોવાના 60, ગુજરાતના 750 , હરિયાણાના 200 , હિમાચલ પ્રદેશના 200, જમ્મુ કાશ્મીરના 195 , ઝારખંડના 250, કર્ણાટકના 450 , કેરળના 140, લક્ષદ્વીપના 30, મધ્યપ્રદેશના 900 , મહારાષ્ટ્રના 700, મણિપુરના 12, મેઘાલયના 30, મિઝોરમના 18, નાગાલેન્ડના 20, ઓરિસ્સામાંથી 275, પોંડિચેરીના 50, પંજાબના 250, રાજસ્થાનના 650, સિક્કિમના 30, તામિલનાડુના 270, ત્રિપુરાના 30, ઉત્તર પ્રદેશના 1200, ઉત્તરાખંડના 270 અને પશ્ચિમ બંગાળના 226 પ્રતિનિધિઓ બેઠકમાં ભાગ લેશે.

**(અરુણ કુમાર જૈન)**

**કાર્યાલય મંત્રી**